


## સલામી સવારની..

*'નોટ' ના ડખામાં આતંકી ચીખ દબાઈ ગઈ!*
*કાશ્મીરની કરૂણ વેદના ય ભૂલાઈ ગઈ*
*શરમાઈ ગ્યા ડારા-ડફારા, હાકલા-પડકારા -*
*ચૂંટણીની ઘોરમાં શહિદી ધરબાઈ ગઈ...*
*(શહિદી શરૂ)*

હાઈકુ

*વાવે વચનો,*
*નાણા મંજૂરી વિના*
*સૂકાઈ જાય!*
*(ફોરલેન પ્રોજેક્ટો અભેરાઈ પર)*

*માંડ ઉગી'તી*
*પૂર્ણ 'કલા' પૂનમ*
*લાગ્યું ગ્રહણ!!*
*(શશીકલા ચુકાદો)*

### ચિંતન

**ચલં ચિત્તં ચલં ચલે જીવિત યૌવને ।**
**ચલાચલમિદં સર્વધર્મઃ એકોહિ નિશ્ચલઃ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત બોધમાંથી લેવામાં આવે છે.

ચિત્ત ચંચળ છે, ધન ચંચળ છે, જીવન અને યૌવન પણ ચંચળ છે. આ બધું સ્થિર-અસ્થિતર છે જયારે આ વિશ્વમાં એક જ ધર્મ જ સ્થિર છે.

જીવનમાં સત્ય આચરણ, નિષ્ઠાપૂર્ણ કર્તવ્ય ફરજપાલન, ક્ષમાશીલ અને દયાવાન હૃદય સૌને રામમય-પ્રભુમય જાણી તેમના તરફ પૂજ્યભાવ રાખી પ્રણામપૂર્વક વિનયથી વર્તન આ જીવન દર્મ છે. દુનિયાના બધા જ ધર્મો આ સનાતન ધર્મને સ્વીકારે છે માત્ર પોતાના ધર્મના વાઘા પહેરાવી તેમાં અલગ-અલગ શણગાર કરે છે એટલું જ.

બાકી, આપણા મનની વૃત્તિઓ ચંચળ છે, ધન પણ અસ્થિર છે, જીવન-યૌવન પણ ચંચળ જ છે, મૃત્યુ પછી પણ મદદરુપ થનાર 'સત્ય' ધર્મ જ છે.

### સુવિચાર

- ચિત્ત રાગદ્વેશથી મુક્ત, શુદ્ધ બનશે ત્યારે સમતામાં આવશે... આનું નામ જ ભક્તિ - **પૂજ્ય મોટા**
- જયાં ખુદ ખતમ થાય છે, ત્યાં ખુદા પ્રગટ થાય છે - **ઈરાની કહેવત**
- ક્રોધ ઘણો હશે તોય અધૂરો લાગશે, ક્ષમા થોડી હશે તો પણ મધૂરી લાગશે - **ધર્મસૂત્ર**
- સત્યનો પ્રભાવનો ઉત્તમ દાખલો... મહાભારતનાં યુદ્ધમાં પાંચ પાંડવો સામે સૌ કૌરવો - પરિણામ નજર સમક્ષ છે - **જનકલ્યાણ**
- 'માન' તમારે હાથ ન સોંપું, કેમ કરી અપમાનશો? - **કૃષ્ણ શ્રીધરાણી**
- પર્વત ચડતી વખતે થાક ખાવા બેસો ત્યારે ભલે શિખરને જોઈને મનમાં કહેવું કે હજી આટલું ચડવાનું બાકી છે, પણ સાથે-સાથે નીચે જોઈને મનમાં હરખાવું ય ખરું કે આટલું તો ચડી ગયો છું - **સંત રોબિન**
- આજનું ઔષધ : તાંદળજાની ભાજીના રસમાં સાકર મેળવીને પીવાથી ખસ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

મફતમાં, સસ્તામાં કે પરિશ્રમ વિના મળેલી વસ્તુ પ્રત્યે આપણને ભાવ-લાગણી કે કદર કે કિંમત હોતી નથી-ધનિકોના પુત્રો બાઈક-ગાડી એટલે જ બેદરકારી પૂર્વક ચલાવતા હોય છે. પરિશ્રમથી પ્રાપ્ત કે મોંઘી વસ્તુની કિંમત સમજાય તો સાચવણ આપોઆપ આવે.

જે.આર.ડી. ટાટાના અંગત મદદનીશનું નામ દિનયાર બિલીમોરીયા હતું. મસ્ત મોજીલા હતા ને સદાય કંપનીની સાદી પેન વાપરતા અને આઠેક દિવસમાં ખોઈ નાખતા. નવી માગતા. ટાટાને આ વાત અને દિનયારના સ્વભાવની ખબર પડી.

દિનયારના જન્મદિવસે ટાટાએ ગોલ્ડ પ્લેટેડ ટાંકવાળી મોંઘી પેન ભેટ આપી - અને કહ્યું દિનયાર આ મોંઘી પેન સાચવજે. તારા સ્વભાવ પ્રમાણે તું ખોઈ ન નાખતો...

બે-ત્રણ મહિના પછી ટાટાએ કોઈ કાગળમાં સહી કરવા દિનયારની જ પેન માંગી. પેન સચવાયેલી જોઈ ટાટાને સંતોષ થયો.

જે વસ્તુની કિંમત અને કદર હોય એ વસ્તુ જરૂર સચવાય છે.

# ભારતીય જનતા પાર્ટીનો હિંદુત્વ એજન્ડા

**તંત્રીસ્થાનેથી...**

કોઈ કહે છે ભાજપ અમુક કે તમુક રાજયમાં હિંદુત્વ એજન્ડા ચલાવી રહ્યું છે તો એ મુદ્દો હવે ચર્ચાસ્પદ ન ગણાવો જોઈએ. ભાજપ પાયામાં જ આ એજન્ડા સાથે ઊભી થયેલી રાજકીય પાર્ટી છે, તે કોણ નથી જાણતું? ધારો કે તે હિંદુત્વને વરેલ ન હોત તો એનું વાલી સંગઠન - રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એને સમર્થન આપતું રહે ખરું? છાશવારે ભાજપના વરિષ્ઠ નેતાઓ નાગપુર કે ઝંડેવાલાં ખાતે આવેલા સંઘ કાર્યાલયોની મુલાકાત લઈ આવે છે. આ જગ્યાઓ એમના માટે સાપ-નોળિયાની લડાઈમાં આવતી દંતકથાની નોળવેલ છે, સંજીવની બુટ્ટી છે. હમણાં કેન્દ્રીય ગૃહરાજયમંત્રી કિરણ રીજુજુ દ્વારા અરુણાચલ પ્રદેશમાં ભાજપ આવી પ્રવૃત્તિ કરતું હોવાના મુદ્દે કોંગ્રેસે કરેલી ટીકા સંદર્ભે કરવામાં આવેલ ટ્વિટર ચર્ચામાં છે. કોંગ્રેસની પ્રદેશ સમિતિએ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હસ્તકની કેન્દ્ર સરકાર અરુણાચલ પ્રદેશને હિંદુ રાજય બનાવવા માગતી હોવાનો આરોપ લગાવ્યો હતો. રિજીજુ ઉત્તરપૂર્વના પ્રતિનિધિ હોવાના નાતે આવી કોમેન્ટનો જવાબ આપે તે અપેક્ષિત પણ ગણાય. એમણે ટ્વિટર ટિપ્પણીમાં જણાવ્યું કે દેશમાં હિંદુઓની જનસંખ્યાનું પ્રમાણ દિનપ્રતિધિન ઘટતું રહ્યું છે. કારણ કે અન્ય ધર્મોની જેમ હિંદુઓ બીજા લોકોને ધર્માંતરણ નથી કરાવતા. એમની આ ટિપ્પણી દેખીતી રીતે વાસ્તવિકતાનું જ પ્રતિબિંબ છે. હિંદુઓની બહુમતી ધરાવતું અને મૂળે હિંદુસ્તાન તરીકે ઓળખાતું રાષ્ટ્ર બંધારણની મર્યાદાને કારણે ધર્મનિરપેક્ષ છે તે સાચું, પરંતુ એમાં તમામ ધર્માવલંબીઓ ને પોતપોતાના ધર્મ મુજબ જીવવાનો અને એનો પ્રસાર-પ્રચાર કરવાનો મૂળભૂત અધિકાર છે. હિંદુ ધર્મ વર્ણાશ્રમ વ્યવસ્થાને વરેલો છે તેથી એમાં અન્ય ધર્માવલંબીઓને હિંદુ બનાવવાની કોઈ મોકળાશ જ નથી રહી. દયાનંદ સરસ્વતી જેવા મનીષીએ આ ખામી દૂર કરવા આર્યસમાજ સ્થાપ્યો હતો અને બધાને માટે એનાં દ્વાર ખુલ્લા મૂકી દીધાં હતા તે સૂચક છે. બંધારણના જ દાયરામાં રહીને શાસન ચાલે તે જરૂરી છે પરંતુ ભારતીય જનતા પાર્ટી જેવી હિંદુત્વ એજન્ડા સાથે ઊભી થયેલી પાર્ટીના શાસનમાં આ પ્રકારનું કૂણું વલણ તો રહેવાનું જ. કોંગ્રેસ એનો આ મુદ્દે વિરોધ કરીને જાતે જ હિંદુ બહુમતી સમક્ષ અપ્રિત બનતી રહી છે. એથી ભાજપને તો ફાયદો જ ફાયદો છે. વળી વાત જયારે અરુણાચલ જેવા છેવાડા પ્રદેશની આવે છે ત્યારે આ મુદ્દે કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોને બહુ જ વિચારીને નિવેદન આપવાં જોઈએ. અરુણાચલને શરુથી જ ચીને દાઢમાં રાખેલું છે. આ રાજય સાથે પ્રાચીન અને પૌરાણિક સંદર્ભો જોડાયેલા છે. બૌદ્ધ ધર્માવલંબીઓ માટે અહીં આસ્થાના સ્થાનકો આવેલાં છે. બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામા અરુણાચલ જાય તે ચીનને પસંદ નથી. ભારત સરકારે દલાઈ લામાને રાજ્યાશ્રય આપેલ છે અને ચીનની નામરજીની અવગણના કરીને ભારત દલાઈ લામાને સંપૂર્ણ સ્વતંત્રતા આપતું રહ્યું છે. થોડા અપવાદો સિવાય ઉત્તરપૂર્વ આખું ખ્રિસ્તી રંગે રંગાઈ ચૂક્યું છે અને કદાચ એના ખ્રિસ્તીપણા સામે વાંધો લેવો વ્યાજબી ન જ ગણાય, પણ ત્યાં ચાલતી અલગતાવાદી અને આતંકવાદી પ્રવૃત્તિઓને નાથવા માટે પણ કેન્દ્ર સરકારે કંઈક નક્કર પગલાં તો લેવાં જ રહ્યાં. જો અરુણાચલ જેવા છેવાડા પડેલ પ્રદેશને રાષ્ટ્રની મુખ્યધારા સાથે જોડવામાં આરએસએસનો હિંદુત્વ એજન્ડા ઉપયોગી લાગતો હોય તો એ સામે પણ વર્તમાન સરકારને વાંધો ન જ હોય તે સમજી શકાય એમ છે. તેથી કોંગ્રેસ કે એઆઈએમાઈએમના નેતા આવૈસી આ મુદ્દે ઉગ્ર નિવેદનો કરે છે ત્યારે તેઓ ભૂલી જાય છે કે દેશના બંધારણના નામે શપથ લેવાની મોદી કે રિજીજુ હિંદુ મટી જતા નથી. આ મુદ્દે પ્રજામત લેવામાં આવે તો તે પણ રિજીજુની સાથે ઊભો રહેવાનું પસંદ કરશે એમાં શંકાને સ્થાન નથી.

# તેનો 'વેલેન્ટાઈન ડે'નો મેસેજ ફોનની સ્ક્રીન પર ચમકતાં આખી ઘટના નજર સામે તરવરી રહી

બધું જ અનિશ્ચિત અને દૂર દૂર દેખાતું હતું. સતત વરસાદની સાથોસાથ કારની યાંત્રિક ખામીને લીધે મને પ્રચંડ ઉદ્વેગ થવા લાગ્યો હતો. આટલો ઉદ્વેગ સહન કરવો મારા માટે મુશ્કેલ હતો. બંધ કાચમાંથી બહાર જોતાં સઘળું અસ્પષ્ટ અને રહસ્મય લાગતું હતું. વિચારતો હતો કે કાર સ્ટેશને પહોંચશે ત્યાં સુધીમાં ટ્રેન જરૂરથી ઊપડી ગઈ હશે અથવા ધીરે ધીરે પ્લેટફોર્મ છોડી રહી હશે.

આવી હાલતમાં મારાથી બીજું કંઈ થઈ શકે તેમ ન હતું. સુરતના એક સાહિત્ય સમારોહમાં કાલે પહોંચવાની સંભાવના હવે રહી ન હતી. આંખો ઘેરાતી હતી. સામેથી પસાર થતા વાહનોના આકારો ભેજયુક્ત ધુંધળા વાતાવરણમાં અદશ્ય થઈ રહ્યા હતા. તે સાથે છત્રી પકડીને એકલા એકલા ચાલતા માણસાના પડછાયા પણ ગાયબ થઈ રહ્યા હતા. બધુ સ્થિર અને ઉપાયહીન લાગતું હતું.

આ બધી પરિસ્થિતિ વચ્ચે કારનું એન્જીન ચાલુ થવાનો અવાજ આવ્યો. મેં આંખો ખોલીને જોયું. દઢ મનોબળ સાથે ડ્રાઈવરે મારી સામે જોયું જાણે તેણે ખરેખર પ્રણ લીધું હોય તેમ લાગતું હતું કે તે મને ધોધમાર વરસાદ છતાં સમયસર સ્ટેશને પહોંચાડશે.

કારમાં ચૂપચાપ બેસી રહેવાનું મને મુનાસીબ લાગ્યું.

કેટલો સમય લાગ્યો કંઈ ખબર નથી, હાં, કારને સ્ટેશને પહોંચાડતા ડ્રાઈવરના કપાળે પરસેવાનાં ટીંપા બાઝેલાં દેખાતા હતા. તેનો આભાર માની મેં કારનું બારણું ખોલ્યું અને એટેચી લઈ ઉતાવળમાં પગથિયાં ચડવા લાગ્યો. તે વખતે જ મહિલા ઉદ્‌બોધકનો અવાજ કાને પડ્યો. સુરત જવાવાળી ટ્રેન હવે પ્લેટ ફોર્મ નંબર એક પરથી ઉપડી રહી છે.

ભીડ પરસેવાની દુર્ગંધ અને કોલાહલ મને રોકી શક્યો નહીં. પરંતુ સાબરમતી નદીની જેમ મને રસ્તો બતાવ્યો. મને મારી બોગીનો નંબર બિલકુલ સ્પષ્ટ દેખાયો. એક અજાણ્યા મુસાફરની પાછળ પાછળ બોગીમાં ચડી જઈને શ્વાસ લેવા બારણા પાસે ઊભો રહ્યો. ટ્રેન ચાલવા લાગી.

'પ્લીઝ મારો હાથ પકડોને'

ટ્રેનની સાથે ઝડપભેર ચાલતી એક યુવતી મને વિનંતી કરતી હતી. વરસાદમાં ભીંજાઈ ગઈ હતી. તેની સાડી, વાળ બધું લથબથ હતું. ઉંમર હશે માંડ ત્રેવીસ ચોવીસ વરસની, રંગ ગોરો, કપાળમાં ચમકતો લાલ ચાંદલો, હાથમાં સોનાના કંગન, એ હાથ મારી તરફ લંબાવ્યો હતો. પુરા ભરોસાથી, મને તેણે ચકિત્ત કરી દીધો હતો. કોઈ અપરિચિત સ્ત્રી આ રીતે મને વિનંતી કરે ખરી. પરંતુ અજાણ્યા જ જાણે મારો હાથ તેની તરફ લંબાઈ ગયો હતો. તે પછી એ બોગીમાં આવેલી. એટેચી સાથે હવાની લહેરખીની જેમ. તેનો ધક્કો વાગતાં હું સહેજ બાજુમાં ખસી ગયેલો પણ મને તે ગમેલું.




તેણે હંસીને કહ્યું, 'તમે જો મારો હાથ પકડ્યો ન હોત તો હું જરૂર ટ્રેન ચૂકી જાત. જોતા નથી પાંચ વાગ્યાથી વરસાદ સતત વરસી રહ્યો છે. બંધ થવાનું નામ જ લેતો નથી. તેમાં સહેલાઈથી કોઈ રીક્ષા ન મળી. મમ્મી તો જવાની ના પાડતી હતી. આવા વરસાદમાં ઘરમાંથી બહાર નીકળાતું હશે ? પણ મેં તેની વાત બિલકુલ માની નહીં! આજે છ સાત દિવસ થઈ ગયા.'

તે યુવતી વાત કરતાં કરતાં વચ્ચે વચ્ચે હસતી હતી. બારણા પાસે ઊભો ઊભો હું તેને જોતો હતો. વરસાદનું પાણી તેની સાડીમાંથી પગ નીચે જળબિંદુઓ રૂપે ટપકી રહ્યું હતું. વરસાદની જેમ તેની વાતો પણ ખૂટશે નહીં એમ લાગતા હું એટેચી ઊંચકી બર્થ શોધવા આગળ વધ્યો.

મારી પાછળ પાછળ એ આવી ગઈ. ખભે લટકાવેલ વૈનિટી બેગની ચેન ખોલી ટિકીટ કાઢી મારા હાથમાં આપતાં બોલી 'જુઓ તે મારી બર્થ કયાં છે.'

તેણે એ રીતે કહ્યું જાણે તે મને ઘણા સમયથી ઓળખતી હોય અથવા મારાથી પરિચિય હોય, ખરેખર તેની વાતોમાં ખૂબ આત્મીયતા હતી.

આછા અજવાળામાં આમતેમ થોડો સમય શોધતાં તેની બર્થ મળી ગઈ. તેના પર

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સંબંધની મધુરતા એટલે સમજ અને સમજણ

આજે સંબંધની મધુરતાની વાત કરીએ. ગઝલકાર 'મરીઝ'નો એક શે'ર યાદ આવે, ''બે જણા દિલથી મળે તો એક મજલિસ છે 'મરીઝ', દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.'' જ્યારે બે વ્યક્તિ દિલથી મળે છે ત્યારે ભલે એ બે જ વ્યક્તિ હોય તેમ છતા એનું મહત્વ અનેકગણું વધી જાય છે. એથી ઉલટું જ્યારે દિલ વિના, સાવ ઉપરછલ્લા દેખાવ ખાતર એક-બે નહીં પણ લાખો લોકો મળે તો પણ એનું કોઈ મહત્વ રહેતું નથી.

આજનો સમય દેખાવનો છે. શો-બિઝ બધાને ગમે છે. ભીતરની સુંદરતા વિશે કોઈ ઝાઝી ચિંતા કરતું નથી. બહારનો દેખાવ હોવો જોઈએ. ઠાઠ અને ભપકાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિને આંજી દેવા સતત પ્રયાસરત હોય એ આજના સમયની કઠોર સચ્ચાઈ છે. સંબંધમાં મીઠાશ, મધુરતા કઈ રીતે લાવી શકાય? સંબંધની મધુરતા એટલે સમજ અને સમજણ.

દરેક સંબંધમાં સમજણનો અવકાશ જરુરી છે. એકમેકને સમજી શકે એવી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. જો એકબીજાને સમજી શકે એવી વ્યક્તિ મળે તો બેડો પાર. દરેક વ્યક્તિને એમ જ લાગતું હોય કે પોતે તો ખોટા હોઈ શકે જ નહીં. પોતાની વાત જ સાચી છે અને પોતાની વાત સામી વ્યક્તિએ અને સૌ સમૂહે માનવાની રહે. આ પ્રકારનું માનવાનો વ્યક્તિનો વ્યક્તિગત અભિગમ કદાચ સાચો પણ હોઈ શકે. કારણ કે દરેક સિક્કાની જે બાજુ તરફ તમે ઉભા હો એ બાજુ ખરી જ હોવાની. પરંતુ એ જ સિક્કાની બીજી બાજુ પણ હોય છે, હોઈ શકે છે, એવું વિચારવાની પણ જરુર હોય છે.

જ્યારે આપણે આપણી તરફના સિક્કાની બીજી તરફ પણ જઈને નિહાળીએ તો બીજું સત્ય પણ સામે આવે. સિક્કાની બેઉ તરફનું સત્ય જોવાની ઉદારતા જરુરી છે. કોઈ વ્યક્તિ પોતાની વાત ઉપર અડગ હોય તો ત્યાં સુધી કશું ખોટું પણ નથી. દરેક વ્યક્તિને પોતાની વાત પ્રસ્તુત કરવાનો મોકો મળવો જ જોઈએ. પરંતુ દરેક વ્યક્તિ પોતાની તરફનો

> **જો આપણે કોઈ પણ બાબતને હકારાત્મક રીતે જોવાનો અભિગમ કેળવ્યો હશે તો આપણને બધી જ બાબતો સારી જ લાગશે, પરંતુ જો આપણો અભિગમ કોઈ પણ બાબતને વાંકી નજરે, વક્ર દૃષ્ટિથી જોવાનો જ રહે તો એવી અવદશાનો તો કોઈ ઉપાય જ નથી**

સિક્કો અથવા પોતાનો મુસદ્દો જ કહી શકે. ખરેખર સામી વ્યક્તિ પણ પોતાની તરફથી એટલે કે પોતાના તરફના સિક્કાની બાજુ પ્રમાણે સાચી જ હોવાની. આ સંજોગોમાં એક તરફનો મત ધરાવતી વ્યક્તિએ બીજી વ્યક્તિના સ્થાને હોય તેવી અનુભૂતિ સાથે પણ વિચારવું જોઈએ.

સંબંધમાં મધુરતા માટે સમજ અને સમજણ સાથે એકમેકના વિચારોને આદર આપવાનું પણ એટલું જ મહત્વ છે. આપણા વિચારો હંમેશા સામી વ્યક્તિ ઉપર લાદી શકાય નહીં. જો તમારો વિચાર ઉમદા છે તો સામી વ્યક્તિનો વિચાર પણ ઉમદા હોવાનો અભિગમ કેળવીએ. મતભેદ હોઈ શકે પરંતુ એવા મતભેદ જો મનભેદ કરાવનારા હોય તો એનાથી દૂર રહેવું જોઈએ. મતભેદ ઉભા થવાના કારણમાં પણ સમજ અને સમજણ અગત્યનું પરિબળ છે.




સંબંધમાં ખાસ કરીને પતિ-પત્ની વચ્ચે સમજણનો પાયો દઢ હોય તો મુશ્કેલી પડતી નથી. એક દંપતીની વાત કરીએ. બેઉ વચ્ચે સાવ સામાન્ય વાતમાં મતભેદ અને અણબનાવ બનતા રહે. પરિસ્થિતિ એ હદે આગળ વધી કે એક જીવનસાથીની સાવ સાચી વાત પણ બીજા જીવનસાથીને ખોટી અને બદઈરાદાવાળી જ લાગે. ગુજરાતી કહેવત છે કે ''જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ.'' જો આપણે કોઈ પણ બાબતને હકારાત્મક રીતે જોવાનો અભિગમ કેળવ્યો હશે તો આપણને બધી જ બાબતો સારી જ લાગશે. પરંતુ જો આપણો અભિગમ કોઈ પણ બાબતને વાંકી નજરે, વક્ર દૃષ્ટિથી જોવાનો જ રહે તો એવી અવદશાનો તો કોઈ ઉપાય જ નથી.

દરેક સંબંધમાં આથી જ સમજણનો પાયો મજબુત બને એ દિશામાં ભાર આપવામાં આવે છે. દરેક સંબંધમાં ગેરસમજણના કારણે જ તિરાડ પડતી હોય છે. ગેરસમજણના સરવાળા થતા જાય એમ એમ આવી તિરાડ મોટી અને પહોળી પણ થતી જાય છે. જ્યારે દોરાને અથવા દોરડાને બેઉ તરફથી જોર કરી કરીને ખેંચવામાં આવે તો એક સમય એવો આવે છે કે દોરો અથવા દોરડું બેઉ તરફથી તૂટી જતું હોય છે. આમ બેઉ તરફથી ખેંચનારના હાથમાં થોડાક રેસાઓ કે ટુકડાઓ સિવાય કશું જ બચતું નથી.

***સ્ટોપર:–***

''સંબધની સુવાસ એટલે બે વ્યક્તિ વચ્ચેના સમજણના સેતુમાંથી વ્યક્ત થતું માધુર્ય.''

**– ઓશો**

# વેલેન્ટાઈનનું લાલ સિગ્નલ..!! મેરા દિલ ભી કિતના પાગલ હૈ, જો પ્યાર તો તુમસે કરતા હૈ..!!

છેલ્લા આઠ દિવસથી વિવિધ ડે સેલિબ્રેશન સાથે અવનવા મેસેજ અને ચિત્રોથી મારા મોબાઈલનું ઈનબોક્સ ફુલ થઈ ગયું હતું.



આજે વેલેન્ટાઈન ડે, ગુલાબ અને દિલના શુભેચ્છા સંદેશથી દિલ ફુલ ગુલાબી હતું. પણ શું પ્રેમ આજના દિવસ પુરતો જ થાય? કોઈ વિશિષ્ટ વ્યક્તિ કે વસ્તુને જ થાય?

વિજાતીય આકર્ષણને પ્રેમ કહેવાય? કે પછી આ ગિફ્ટની આપ લે અને હાર્ટ શેપમાં જ પ્રેમ થાય? મારું મગજ સતત આ વાતના વિચારોમાં અટવાયેલું હતું.

વીતી ગયેલ વેલેન્ટાઈનની મોડી સાંજે સાતમી મંજિલની બાલ્કનીમાં બેસીને હું ધીરેધીરે એની વાતને સમજવાની મથામણમાં ફસાયો હતો. જોકે અગાઉ કદી મેં એને સાંભળવાની તસ્દી લીધી જ નહોતી. પરંતુ ખબર નહીં કેમ? પહેલી વાર એની લાગણી મને સ્પર્શી રહી હતી.

હળવેકથી એણે એની વ્યથા આગળ વધારી, ''..એટલે જ હું કહું છું કે ક્યારેક તો મારી સામે જો.! મારા સંગાથે જીવવાની કોશિશ કર. પણ નહીં...! મારી વાત માનવામાં તને રસ જ ક્યાં છે?''

''તારી સાથે? કાયમ તો તારી સાથે હોઉં છું. સાથે રહું છું.., સાથે જીવું છું. એને રસ ન કહેવાય તો બીજું શું..?'' મેં ત્વરાથી એનાં પ્રશ્નોનાં ઉત્તરોમાં પ્રતિપ્રશ્ન ફેંક્યો.

''આ બધું તો દુનિયાને દેખાડવાના ઢોંગ છે. દુનિયાની ભીડભાડમાં મારાથી વેગળો રહીને તું એકલો જીવે છે, એ હું નરી આંખે ભાળું છું.'' એણે ફરી મને એ વાત યાદ કરાવી, જેને હું હંમેશા અવગણ્યા કરતો હતો.

છતાંય મેં એને હરાવવાનો પ્રયાસ ચાલુ રાખ્યો, ''કોણે કીધું કે હું એકલો છું? કેટલાયે મિત્રો છે, માબાપ છે, અરે.. આખો પરિવાર છે, અને તું પણ.!''

''...ને આ બધાની વચ્ચે તું મને કેટલો સમય ફાળવે છે? સપનાઓ અને જરૂરિયાતોને આંબવાની ભાગદોડમાં તેં મને ક્યારેય મહત્વ આપ્યું છે ખરું?'' હવે એનાં શબ્દો સંવાદમાંથી વિવાદમાં પરિવર્ત થઈ રહ્યા હતા.

> ચાલ હવે એનું ય થોડુંક હિત કર,
> કંઈ નહીં તો જાતને તો પ્રીત કર.
> હાથ ખાલી છે ભલા તો શું થયું?
> એમ કર, એકાદ નાનું સ્મિત કર!
> – ડૉ. મુકેશ જોષી

''દલીલબાજી કરવી હોય તો મારે કંઈ નથી સાંભળવું.'' ગુસ્સાના ખાબોચિયાંમાં પગ મૂકી મેં સ્વ-બચાવ કરતા કહ્યું. હજુ એની નજર મારા પર હતી પરંતુ મેં મોં ફેરવી બાલ્કનીની બહારના ઘેરાં અંધકારમાં ઉજાશ શોધવાનું પસંદ કર્યું. કાળાડિબાંગ અંધારામાં સ્ટ્રીટલાઈટની ઝાંખી રોશની તળે રસ્તા પર ચાલતા વાહનોને હું એકીટશે જોઈ રહ્યો. ખરેખર તો એ ચાલતાં નહોતાં, પૂરપાટ વેગે આમથી તેમ ભાગી રહ્યાં હતાં. કેવળ વાહનો જ નહિ.. એ લોકોની જિંદગી પણ.!

''હું જે જોઉં છું, તને પણ એ દેખાય છે. ફરક માત્ર એટલો જ કે.. હું એને સમજું છું અને તું સમજતો નથી. અથવા તો કદાચ તું દૂર ભાગે છે.'' પળભરની શાંતિ બાદ એણે સરખામણી આદરી દીધી. મેં રસ્તાને તાકવાનું ચાલુ રાખ્યું. એનાં શબ્દો મસ્તિષ્કમાં પડઘાતા હોવાથી 'સટ... સટ...' દોડતાં વાહનોમાં મને મારી જિંદગીનાં વહી ગયેલા વર્ષો ભાસતાં હતાં, ગુજરી ગયેલા દિવસો દેખાતા હતા.

''આખો દિવસ મિત્રો, ઓફિસ, અને સગાં-વહાલાં સાથે 'વેલેન્ટાઈન... વેલેન્ટાઈન...'ના રટણમાં વેડફી દીધો, છતાંય જે સમય મળ્યો તે મોબાઈલ અને લેપટોપમાં..! મારી ઈચ્છાઓને પૂરી કરવાની વાત તો દૂર રહી, તેં કદી એને જાણવાનો પ્રયત્ન પણ ન કર્યો.'' ક્યારની ડોકિયું કરતી પીડાનો એણે ઊભરો ઠાલવ્યો.

મૌન રહી મેં ઊંડા શ્વાસ સાથે એની વેદનાનો વિચાર કર્યો. સાચે એનાં કહ્યાંમાં દમ હતો. આજનો દિવસ મેં બીજા માટે જ પસાર કર્યો હતો. અરે... આજ શું? અત્યાર સુધીના બધા દિવસો મેં આમ જ વિતાવ્યા હતા.




એણે રસ્તા તરફ જોતા કહ્યું, ''લાલ સિગ્નલ થતું જોઈને ભાગી જતી છેલ્લી ગાડીને જો...! તારું જીવન પણ એવું જ છે. જ્યાં સુધી એ ન દેખાય ત્યાં સુધી ભાગ્યા કરવાનું. લાલ બત્તી આવે એટલે ગાડી અને જિંદગી બંનેએ અટકી જવું પડે. ગાડીને તો ફરી લીલી ઝંડી મળી શકે પરંતુ તને કે મને નહીં.! એથી જ કહું છું કે જ્યાં સુધી આવું સિગ્નલ ન આવે ત્યાં સુધીમાં ક્યારેક તો મને સાંભળ, ક્યારેક તો મારું કહ્યું કરી જો, મારી સાથે જીવી જો.''

એની પીડામાં હું રીતસર તણાતો ગયો. એની શબ્દરૂપી લાગણીને ભેટીને રડી લેવાનું મન થઈ ગયું. પરંતુ હું એમ નહોતો કરી શકતો, કેમ કે એનું અસ્તિત્વ મારી સામે કે બહાર નહોતું. એ તો મારી ભીતર હતું. હવે હું એને સમજું છું એવી આશાસહ એણે વેલેન્ટાઈનને વધાવતાં આખરી પ્રશ્ન પૂછી લીધો, ''વીલ યુ બી માય વેલેન્ટાઈન?''

મેં એક ક્ષણની પણ પ્રતીક્ષા કર્યા વગર મારા દિલને જવાબ આપ્યો, ''યસ.. નાવ યુ આર માય વેલેન્ટાઇન.''ને આખરે એનું મહત્વ સમજાવવા મથતું મારું દિલ, મારો અંતરાત્મા, મારું હૃદય જોશથી ધબકારમય હિલોળે ચડ્યું. એકમેકની વચ્ચેનું મૃગજળ જેટલું અંતર અશ્રુજળમાં ફેરવાઈ ગયું. બાલ્કનીની પાળી પર પગ ટેકવી મેં એની સાથે આરામ ખુરશી પર લંબાવી દીધું.

''અરે.. કડકડતી ઠંડીમાં તમે અહીં જ સૂઈ ગયા?'' મારા માથે હાથ પસવારતી મારી પત્ની મને અંદર જવાનું કહેતી હતી.

''મને અહીં જ સૂવા દે, અને બ્લેન્કેટ ઓઢાડી જા.''

''પણ અહીં એકલા...''

''હું એકલો ક્યાં છું.! મારું વેલેન્ટાઈન દિલ છે ને મારી સાથે.!'' કહેતા મેં હૃદય પર હાથ મૂકી આંખો મીંચી દીધી.

★★★

મારા મિત્ર દિવ્યેશ વિ. સોડવડિયા. (DVS), સુરતના રહેવાસી છે. હાલ ONGCમાં ઈલેક્ટ્રિકલ ઈજનેર તરીકે કાર્યરત છે. પરંતુ શોખ તો ગુજરાતી સાહિત્યમાં ગળાડૂબ જીવવાનો છે. તેથી છેલ્લા એક વર્ષથી વાંચન સાથે ગુજરાતી ભાષામાં માઈક્રોફિક્શન અને ટૂંકી વાર્તાઓ લખે છે. તેમજ 'સ્ટોરી મિરર' પર હાલ નવલકથા 'તડકીમાં છાંયડો' લખી રહ્યા છે. આજે વેલેન્ટાઈન ડે સ્પેશિયલ વાર્તા એમણે લખી મોકલી છે.

બીજાને પ્રેમ કરતા પહેલા આપણા હૃદયને ચાહો, પોતાની જાતને પ્રેમ કરો અને અરીસા સામે સ્મિત આપો... પછી જુઓ વેલેન્ટાઈનની મજા.

ચૂંટલો : 'વીલ યુ બી માય વેલેન્ટાઈન?' એમ માત્ર અન્ય પાત્રને કહેવા કરતાં, પોતાના હૃદય પર હાથ મુકીને એને પંપાળો, એ સતત આપણી અંદર આપણા માટે ધબકે છે. પ્રથમ પ્રેમ તો એને જ કરાયને? એને પ્રેમ કરીશું, ચાહીશું ત્યારે જ તો એ બીજાને ચાહવાનું ગ્રીન સિગ્નલ આપશે!

pratibhav@sanjaythorat.com